## નિયમ સંગ્રહ-૩

## (૩) દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહીત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતી

| | | |
|---|---|---|
| * | લાભાર્થીની પાત્રતા | • અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિ પૈકી અંત્યોદય (અતિપછાત) જાતિના બેરોજગાર હોવા જોઇએ.<br>• અરજદારના કુટુંબની વાર્ષિક આવક રૂ.૩-૦૦ લાખથી વધુ હોવી જોઇએ નહી.<br>• અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઇએ.<br>• અરજદારના કુટુંબના કોઇ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતા હોવા જોઇએ નહી.<br>• અરજદાર કે તેમના કુટુંબના સભ્યએ આ નિગમની કે સરકારશ્રીની કોઇપણ યોજના હેઠળ અગાઉ ધિરાણ મેળવેલ ન હોય, તેવા જ અરજદારો જાહેરાત અન્વયે અરજી કરી શકશે.<br>• બી.પી.એલ./વિધવા/ત્યકતા/વિકલાંગને અગ્રિમતા આપવામાં આવશે.<br>• વાહન ધિરાણ યોજના માટે અરજી કરનાર જાહેરાતની તારીખે જે તે વાહન ચલાવવાનું માન્ય લાયસન્સ ધરાવતા હોવા જોઇએ. |
| * | લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો | ૧. નિગમ દ્વારા અનુ.જાતિ પૈકી ૧૨ અતિપછાત જાતિઓ માટે સીધા ધિરાણ લોન હેઠળ દૈનિક વર્તમાન પત્રોમાં/સરકારી માધ્યમો દ્વારા જાહેરાત આપવામાં આવે ત્યારે https://sje.gujarat.gov.in/gapbપર ઓનલાઇન અરજી કરવી.<br>૨. લાભાર્થીની પસંદગી થયેથી ૧૫-દિવસમાં જામીનખત સહિતના કાગળો પુરા પાડવા. |
| * | કાર્યક્રમનો લાભ લેવાની પધ્ધતિ | ૧. અરજદારે સમય-મર્યાદામાં ઓનલાઇન અરજી કરવી.<br>૨. ઓનલાઇન અરજીપત્રક ભરી સાધનિક કાગળો અપલોડ કરી તમામ સાધનિક કાગળો સહિતનું અરજી ફોર્મ જિલ્લા કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવુ.<br>૩. નિગમ દ્વારા અરજીપત્રક ચકાસણી.<br>૪. જરૂરી સાધનિક કાગળોની પુર્તતા.<br>૫. માન્ય અરજી પત્રકોની યોજનાવાર યાદી તૈયાર કરવી.<br>૬. ઠરાવ મુજબ લાભાર્થી પસંદગી સમિતિ દ્વારા લાભાર્થીઓની પસંદગી.<br>૭. લાભાર્થીઓની સ્થળ પર ચકાસણી/ધંધ રોજગાર સ્થળની ચકાસણી/લાભાર્થીની ધંધાની આવડતની ચકાસણી<br>૮. લાભાર્થીઓ પાસે જરૂરી દસ્તાવેજીકરણ.<br>૯. લોન/રકમ/વ્યવસાયના પ્રમાણમાં લોન / ધિરાણ<br>૧૦. લોન વસુલાત. |
| * | ક્ષમતા નકકી કરવા માપદંડો | બી.પી.એલ./વિધવા/ત્યકતા/વિકલાંગને અગ્રિમતા |
| * | સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | ૧. નિગમ અમલીત યોજનાઓમાં નિગમ દ્વારા વ્યવસાય/ ઉદ્યોગ શરૂ કરવા માટે RTGS/NEFT થી લોનની રકમ વેપારીપેઢીના બેંક ખાતામાં ચુકવવામાં આવશે.<br>૨. કોઇ સંજોગોમાં જિલ્લા મથકે / જાહેર સ્થળે સરકારી કાર્યક્રમથી લાભાર્થીઓને રૂબરૂમાં લોનનું વિતરણ કરવામાં આવશે. |
| * | અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | ૧. વર્તમાન પત્રોમાં જાહેરાત આપ્યા બાદ https://sje.gujarat.gov.in/gapb પર લાભાર્થી ઓનલાઇન અરજી કરી શકશે. અરજી કર્યા બાદ તેની પ્રીન્ટ લઇ સાધનિક પુરાવા સહિતની અરજી જિલ્લા કચેરીએ જમા કરાવાની રહેશે. |
| * | બિડાણોની યાદી | અરજદારની અરજી લાભાર્થી પસંદગી સમિતિ દ્વારા મંજુર થતાં નીચે દર્શાવેલ દસ્તાવેજો સામેલ કરવાના રહેશે.<br>૧. રેશનકાર્ડ/બી.પી..એલ. કાર્ડ/ચુંટણી કાર્ડની નકલ/આધારકાર્ડની નકલ<br>૨. ટેક્ષબીલ/લાઇટ બીલની નકલ<br>૩. તાજેતરનો અરજદારનો પાસપાર્ટ સાઇઝનો ફોટો.<br>૪. સફાઇ કામદાર કે તેમના આશ્રિત ન હોવા અંગેનું પ્રમાણપત્ર (નિયત નમૂના મુજબ).<br>૫. વાહનો માટે જરૂરી લાયસન્સ (બેઝ) પરમીટ<br>૬. વ્યવસાયના સ્થળ અંગે સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલ લાયસન્સની નકલ.<br>૭. જામીનદારોના મિલકત અંગેના જરૂરી આધાર - પૂરાવા.(૭/૧૨ અને ૮-અ ના ઊતારા તથા ગીરોખત અને ઇ-ધારા સેન્ટરમાં બોજાની નોંધણી અથવા મકાનની વેરા પહોંચ તથા બોજાની એન્ટ્રી) |

| | | |
|---|---|---|
| | | ૮.મેળવેલ લાયકાતના પ્રમાણપત્રની નકલ.<br>૯.રાષ્ટ્રીયકૃત બેંકના પાંચ થી દશ કોરા ચેક<br>૧૦. જામીનદારના નામ/સરનામા અને તેમના નોકરીદાતાની સંમતિ. |
| * | બિડાણનો નમુનો | સાદા કાગળ પર વિગતો સાથે બિડાણ કરી શકાય.<br>આ સરનામે બિડાણ કરવાનું રહેશે.<br>જીલ્લા મેનેજર અને નાયબ નિયામક (અ.જા.ક.)<br>ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) (સંબંધિત જીલ્લો) |
| * | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક કરવો. | ઉપરોકત દર્શાવેલ સરનામે ટપાલથી કે ટેલીફોનથી સંપર્ક કરી શકાય. આ ઉપરાંત દરેક જિલ્લા મથકે નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ/મદદનીશ જીલ્લા મેનેજરશ્રી, .આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.) (સંબંધિત જીલ્લો)નો સંપર્ક રૂબરૂ / ફોન કે ટપાલથી કરી શકાય. |